અપીલ અરજી નં.૬ તા.૪–૪–૧૧/૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી બળવંત એચ. વરીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ. વરીયાની તા.૨૫–૨–૧૧ની અરજીથી કતારગામ ખાતેની ટી.પી.૨૪ ટુંકી સર્વે નં.૭૫ ઉપરજે ડ્રેનેજ લાઈન નાંખેલ છે તે કતારગામ ઝોન ધ્વારા નાંખેલ છે કે સેન્ટ્રલ ઝોન ધ્વારા નાંખેલ છે તેની વિગત તેમજ આ ડ્રેનેજ લાઈન નું એસ્ટીમેન્ટની રકમ એટલે કે આ ડ્રેનેજ લાઈન નો કુલ ખર્ચ કેટલો થયેલ અને કઈ સાલમાં નાખેલ તેની વિગત ટુંકમાં આપવી તેમજ હાલમાં આ લાઈન ની સ્થિતિ શું છે તેની વિગત તેમજ આ લાઈન હાલ વપરાશમાં છે કે નહીં તેની વિગત અગર આ લાઈન સ્ટ્રોમ ડ્રેનેજ હોઈ તો પણ આ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૦૪–૪–૧૧ ની **SMC/FAP/** નં.૬ /૨૦૧૧–૧૨

શ્રી બળવંત એચ. વરીયાની તા.૨૫–૨–૧૧ની અરજીથી કતારગામ ખાતેની ટી.પી.૨૪ ટુંકી સર્વે નં.૭૫ ઉપર જે ડ્રેનેજ લાઈન નાંખેલ છે તે કતારગામ ઝોન ધ્વારા નાંખેલ છ કે સેન્ટ્રલ ઝોન ધ્વારા નાંખેલ છે તેની વિગત તેમજ આ ડ્રેનેજ લાઈન નું એસ્ટીમેટની રકમ એટલે કે આ ડ્રેનેજ લાઈન નો કુલ ખર્ચ કેટલો થયેલ અને કઈ સાલમાં નાખેલ તેની વિગત ટુંકમાં આપવી તેમજ હાલમાં આ લાઈન ની સ્થિતિ શું છે તેની વિગત તેમજ આ લાઈન હાલ વપરાશમાં છે કે નહીં તેની વિગત અગર આ લાઈન સ્ટ્રોમ ડ્રેનેજ હોઈ તો પણ આ માહિતી આપવા બાબતે યોગ્ય જવાબ આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૪–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨ તા.૧૩–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ),ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી ૨૪–૩–૧૧ ના રોજ મળેલ માહિતિ બાદ શું નારાજગી છે? તમો સદર પત્રથી અપીલ કરવા ઈચ્છો છો કે કેમ? તેની પુર્તતા– સ્પષ્ટતા કરવા અને જો અપીલ હોય તો નમુના –'ચ' નું સામેલ ફોર્મ ભરી મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી તા.૨૫–૪–૧૧ ની પૂરક વિગતોમાં અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આંન.૭ તા.૨૫–૪–૧૧ ના પત્રની નકલ, ડીએનજી/આરટીઆઈ/આ.નં.૪૮ તા.૨૪–૩–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોન તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૨૧–૪–૧૧ ની પૂરક વિગતોમાં નમુના–ચ માં ભરેલ અપીલ ફોર્મ સાથે તા.૪–૪–૧૧ ના પત્રની નકલ, તથા જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આં.૪૮ તા.૨૪–૩–૧૧ ના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૫–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને કરવામાં આવેલ. જે કતારગામઝોન તરફથી જાહેર માહિતી અધિકારી ડ્રેનેજને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૪૮ તા.૨૪–૩–૧૧ થી કતારગામઝોન ખાતેથી ટીપી સ્કીમ નં.૨૪ ટૂંકી સર્વે નં.૭૫ પરની ડ્રેનેજ લાઈન ડ્રેનેજ ખાતા ધ્વારા અંદાજે ૧૦ વર્ષ પહેલા નાંખવામાં આવેલ છે. આ ડ્રેનેજ લાઈનના અંદાજ સબંધિત આંકડાકીય માહિતી હાલ ઉપલબ્ધ નથી. સદર લાઈન ડ્રાફટ ટીપી સ્કીમ હતી તે દરમ્યાન નાંખવામાં આવેલ હતી. ડ્રેનેજ લાઈન નાંખ્યા બાદ લાઈનોનો મેઈન્ટેનન્સ વિગેરેની કામગીરી સબંધિત ઝોન મારફતે થતી હોય, આ લાઈનની હાલની પરિસ્થિતિ કતારગામઝોનમાંથી મળી શકે તવું જણાવેલ. જે બાબતે અરજદારે તા.૪–૪–૧૧ ના રોજ પત્ર ધ્વારા રજૂઆત કરેલ. જે અંગે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨ તા.૧૩–૪–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૧–૪–૧૧ ના રોજ અપીલ ફોર્મ ભરી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ હોવાનું જણાવી આપેલ જવાબ અયોગ્ય અને અધૂરો છે તેવી રજૂઆત કરી અપીલ અરજી કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીને અપીલ તબકકે પૂરક વિગતો માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે જાહે માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે અરજદારને પૂરક માહિતીમાં અરજદારને પાઠવેલ પત્ર નં.ડીએનજી/આરટીઆઈ/આ.નં.૭ તા.૨૫–૪–૧૧ થી પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જે અનુસાર (૧) હાલના ઉપલબ્ધ થયેલ રેકર્ડ અનુસાર સદર ડ્રેનેજ લાઈન માહે ઓકટોબર–૨૦૦૦ થી માહે ડીસેમ્બર –૨૦૦૧ દરમ્યાન નાંખવામાં આવેલ હોવાનું જણાય છે. (૨) સદર કામ કતારગામ વિસ્તારની સમગ્ર સ્કીમ હેઠળનું હોઈ અલગથી ખર્ચ ઉપલબ્ધ થયેલ નથી. તેમ છતાં તત્કાલીન સમયે અંદાજિત રૂા.ઉ.૪૫૦૦૦/– જેટલો ખર્ચ થયેલ ગણાય.

તેવું જણાવેલ છે. (૩) સદર લાઈનની સ્થિતિ, વપરાશ તથા સદર લાઈન સ્ટ્રોમ ડ્રેનેજમાં હોવા અંગેની માહિતી કતારગામ ડ્રેનેજમાંથી મળી શકે. તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ તરફથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ ડ્રેનેજ લાઈનની પરિસ્થિતિ અને વપરાશ અંગે હાલની સ્થિતિ બાબતેની માહિતી કતારગામઝોન મારફતે ઉપલબ્ધ થઈ શકે તેવું જણાવેલ છે. અરજદારની મુળ અરજી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ હોવા છતાં અને કતારગામઝોન તરફથી સદર અરજી ડ્રેનેજમાં તબદીલ થયેલ. જે અંગે ડ્રેનેજ વિભાગ તરફથી તેમના કાર્યક્ષેત્રને લગતી માહિતીના પ્રત્યુત્તર પાઠવ્યા અને દરેક પ્રત્યુત્તરની જાણ કતારગામઝોનને કરવામાં આવેલ હોવા છતાં કતારગામઝોન તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન કક્ષાએથી તેમના કાર્યક્ષેત્રને સ્પર્શતી હાલમાં ડ્રેનેજ લાઈનની સ્થિતિ , વપરાશ અને ડ્રેનેજ છે કે સ્ટોર્મ તે અંગેની પુરી પડાયેલ ન હોઈ તથા તે અંગેના નિર્ણયની જાણ કરેલ ન હોય આરટીઆઈ એકટની કલમ ૭ (૬)હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ડ્રેનેજ), ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન......જાણ તથા અમલ માટે
(૨) શ્રી બળવંત એચ. વરીયા,